|| શ્રી મહાવીરાય નમઃ ||

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** jaineducationboard.org **E mail :** jainshikhshshanboard@gamil.com

**૨૯ ઑગષ્ટ ૨૦૨૧ – મહિલા મંડળ** **શ્રેણી – ૧ જવાબ પેપર** **કુલ ગુણ : ૧૦૦**

(૫૦)

**પ્ર.૧ (ક) નીચેના પાઠની પૂર્તિ કરો.** **(૨૪)**

૧. સક્કારેમિ **સમ્માણેમિ કલ્લાણં મંગલં દેવયં** ચેઈયં

૨. પરિયાવિયા **કિલામિયા ઉદ્દવિયા ઠાણાઓઠાણં સંકમિયા** જીવિયાઓ

૩. ઉસભ **મજિયં ચ વંદે સંભવ મભિનંદણં ચ** સુમઈ ચ

૪. મણસા **વયસા કાયસા તસ્સ ભંતે ! પડિક્કમામિ** નિંદામિ

૫. જિણાણં **જાવયાણં તિન્નાણં તારયાણં બુદ્ધાણં** બોહયાણં

૬. અન્નત્થ **ઉસસિએણં નીસસિએણં ખાસિએણં છીએણં** જંભાઈએણં

**(ખ) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો.** **(૮)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. ઠાણેણં | **એક સ્થાને સ્થિર રાખીને** | ૨. છીએણં | **છીંક આવવાથી** |
| ૩. નમો આયરિયાણં | **આચાર્ય ભગવંતોને નમસ્કાર હો** | ૪. મંગલં | **આપ મંગલરૂપ છો** |
| ૫. સંકામિયા | **સંક્રમણ કર્યું હોય, રાખ્યા હોય** | ૬. અવિરાહિયો | **વિરાધના રહિત, અખંડિત** |
| ૭. વંદામિ | **સ્તુતિ અથવા વંદન કરું છું** | ૮. ગમણાગમણે | **રસ્તામાં જતા આવતા** |

**(ગ) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો.** **(૮)**

| | મૂળ પાઠ | | મૂળ પાઠ |
|---|---|---|---|
| ૧. ઝાકળ – ઠાર | **ઓસા** | ૨. નમસ્કાર કરીને | **નમોક્કારેણં** |
| ૩. ધ્રાસ્કો પમાડ્યો હોય | **ઉદ્દવિયા** | ૪. વિશેષ શુદ્ધિ કરવા માટે | **વિસોહી કરણેણં** |
| ૫. સન્માન આપું છું | **સમ્માણેમિ** | ૬. હોજો | **હુજ્જ** |
| ૭. આગારોથી | **આગારેહિં** | ૮. પાપથી નિવૃત્ત થાઓ | **પડિક્કમિઉં** |

**(ઘ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. ગુરૂને વંદન કેટલીવાર કરાય? શા માટે?

**જ. ત્રણ. વંદનીય પંચ પરમેષ્ઠિમાં રહેલા સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યગ્ચારિત્ર આ ત્રા ગુણોને વંદન–વિનય કરવા તથા આપણામાં પણ તેવા ગુણો પ્રગટ થાય તે માટે.**

૨. ગુરૂને કેવા કેવા કહ્યા છે?

**જ. કલ્યાણકારી, મંગલકારી, ધર્મદેવરૂપ, જ્ઞાનવંત.**

૩. તીર્થ કેટલા? કયા કયા? તેનું બીજું નામ શું છે?

**જ. ચાર. સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકા. ચતુર્વિધ સંઘ.**

૪. અરિહંત ભગવાન અને આચાર્યના ગુણ અને કર્મ કેટલા?

**જ. અરિહંત ભગવાનના ગુણ – ૧૨, કર્મ – ૪ અને આચાર્યના ગુણ – ૩૬, કર્મ– ૮.**

૫. નમસ્કાર સૂત્રનું સ્મરણ ક્યારે કરી શકાય?

**જ. સૂતા, ઊઠતા, જમતા, બહાર જતા, કોઈપણ કાર્યની શરૂઆત કરતા પહેલા, કોઈપણ ઘડીએ, કોઈપણ સ્થળે.**

(૧૫)

**પ્ર.૨ માગ્યા પ્રમાણે જવાબ લખો.**

૧. તીર્થંકર – ૧૧ – **શ્રી શ્રેયાંસનાથ સ્વામી** અને ૨૨ – **શ્રી નેમનાથ સ્વામી**

૨. ગણધર – ૪ – **વ્યક્તાજી** અને ૭ – **મૌર્યપુત્ર**

૩. શ્રાવક – ૨ – **કામદેવ** અને ૭ – **સકડાલ પુત્ર**

૪. સતી – ૩ – **ચંદનબાળા** અને ૧૪ – **પુષ્પચૂલા**

૫. આપણા ગુરુ કોણ છે? – **નિર્ગ્રંથ ગુરુ**

૬. કર્મ – ૧ – **જ્ઞાનાવરણીય** અને ૮ – **અંતરાય**

૭. તત્ત્વ – ૩ – **પુણ્ય તત્ત્વ** અને ૭ – **નિર્જરા તત્ત્વ**

૮. છકાયના ગોત્રના નામ – ૨ – **અપ્કાય (પાણી)** અને ૪ – **વાયુકાય (હવા)**

(૧૫)

**પ્ર.૩ (ક) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

| | **જવાબ** |
|---|---|
| ૧. વિનય એટલે શું? | **નમતા શીખવું/નમવું** |
| ૨. બીજાના દોષ જોવાથી શું નુકશાન થાય? | **આપણામાં દોષ આવે, આપણા ગુણો જાય** |
| ૩. માળા ગણવાથી શું લાભ થાય છે? | **મનને શાંતિ મળે, કર્મનિર્જરા થાય** |
| ૪. મનને કેવી રીતે જીતાય? | **જ્ઞાનાભ્યાસ કરી સમજણ કેળવવાથી** |
| ૫. જૈનશાળામાં જઈને શેના ઉપાય જાણવા મળે છે? | **જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ દ્વારા મોક્ષ મેળવવાના ઉપાય** |
| ૬. જય જિનેન્દ્ર એટલે શું? | **અનંત જિનેશ્વર ભગવંતોનો જય હો** |
| ૭. જૈનશાળામાં જઈને સૌથી પહેલા શું કરવું જોઈએ? | **વંદના કરી સંવર કે સામાયિક લેવી** |
| ૮. હું હંમેશાં કેવી વાણી બોલીશ? | **મીઠી અને નમ્ર** |
| ૯. વિનયથી કેવા ગુણો આવે છે? | **વિદ્યા, ત્યાગ, વૈરાગ્ય, વિવેક** |
| ૧૦. આસન કોને કહેવાય? | **સફેદ વસ્ત્રના નાના ટુકડાને** |

**(ખ) ખાલી જગ્યા પૂરો.** **(૫)**

| | **જવાબ** |
|---|---|
| ૧. માતા – પિતાને વંદન કરી ......... કહીશ. | **જય જિનેન્દ્ર** |
| ૨. ......... થી ધર્મની શોભા વધે છે. | **વિવેક** |
| ૩. દરિદ્ર એટલે ......... . | **તૃષ્ણાવાળો** |
| ૪. ......... સામે ગાળ ન દેશો. | **ગાળની** |
| ૫. .......... જૈનધર્મનું ચિહ્ન છે. | **મુહપત્તિ** |

(૧૦)

**પ્ર.૪ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

**(ક) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૬)**

૧. અમરકુમારના રૂપનું વર્ણન કરો. (૨×૩)

**જ. ૩૨ લક્ષણા બાળક હતા.તેમનું રૂપ ઘણું જ સુંદર અને આકર્ષણ ઉપજાવે તેવું હતું. વાણીમાં મીઠાશ ઉપજાવે તેવું હતું. વાણીમાં મીઠાશ હોવાથી વહાલ ઉત્પન્ન થાય તેવું હતું.**

૨. મહાવીર સ્વામીએ ગર્ભમાં હલનચલન કેમ બંધ કરી દીધું? ભગવાને ગર્ભમાં કઈ પ્રતિજ્ઞા કરી?

**જ. ગર્ભમાં હલન–ચલન કરવાથી ભગવાનની માતાને કષ્ટ પડતું હતું, તેથી તેમણે હલન–ચલન બંધ કરી દીધું. ભગવાને ગર્ભમાં માતા–પિતાની હાજરીમાં દીક્ષા ન લેવાની પ્રતિજ્ઞા કરી.**

૩. ગણધર ગૌતમ સ્વામીને જોઈને અતિમુકત કુમારે શું કર્યું?

**જ. ગણધર ગૌતમ સ્વામીને જોઈને અતિમુક્ત કુમાર તેમનાથી આકર્ષિત તેમની પાસે આવ્યા. તેમની આંગળી પકડીને ગૌતમ સ્વામીને રાજમહેલમાં ગૌચરી વહોરાવવા લઈ આવ્યા.**

**(ખ) કોણ બોલે છે અને કોને કહે છે? (૪)**

૧. હું પણ આપની સાથે ભગવાનના દર્શન કરવા આવું છું.

**જ. અતિમુકતક કુમાર ગૌતમ સ્વામીને કહે છે.**

૨. આપ ખરેખર ખૂબ બળવાન છો, તેથી આપ મહાવીર છો.

**જ. દેવ રાજકુમાર વર્ધમાનને કહે છે.**

૩. મને માફ કર, તું માંગે તે હું તને આપીશ.

**જ. રાજા શ્રેણિક અમર કુમારને કહે છે.**

૪. જીવ પોતાના કર્મોથી જ ચાર ગતિમાં ઉત્પન્ન થાય છે.

**જ. અતિમુકતક કુમાર માતા–પિતાને કહે છે.**

**(૧૦)**

**પ્ર.૫ નીચેના કાવ્યની પૂર્તિ કરો. (૨×૫)**

૧. મહાવીરના **સંતાન છે, ભાઈ મહાવીરના સંતાન છે, દેવ અમારા અરિહંતોને, ગુરુ અમારા નિર્ગ્રંથો, ધર્મ દયા પ્રધાન છે.**

૨. ટી.વી.થી **દૂર રહીએ, મહાવીરના શાસનમાં.. વહેલા ઉઠી જઈએ, નવકારમંત્ર ગણીએ, જય જિનેન્દ્ર** બોલીએ.

૩. અખિલ **લોકે મુનિરાજો, જગતના મોહ મારીને, ગુંથાયા આત્મશુદ્ધિમાં, નમું છું ભાવથી તેને.. અમારી આત્મ શુદ્ધિનો, વહાલો** મંત્ર બોલીને.

૪. અંતરમાં શું ભર્યું છે? તે દર્શાવતી કડી લખો.

**જ. શ્રદ્ધા ભરી છે અંતરમાં, ને રંગ લાગ્યો છે રગરગમાં, નવ તત્ત્વોનું જ્ઞાન છે, ભાઈ મહાવીરના સંતાન છે.**

૫. મોટા થઈને કોને ઝળકાવીએ? તે દર્શાવતી કડી લખો.

**જ. મોટા જ્યારે થઈએ, શાસનને ઝળકાવીએ, જલદી મુક્તિ વરીએ, મહાવીરના શાસનમાં.**